સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

નાકલીટી કરીને એમને હાથ જોડવા પડે!
સત્યાવીસ માઓવાદી આતંકીને છોડવા પડે!
ખોડવા પડે માંડયા પાંખવા એ વેવાઇઓને -
છે 'ઇટાલીયન' પત્રકારો, કાયદા તોડવા પડે!
(આસામ સરકાર માઓવાદી શરણે)

'ગુજરાત'માં
રચે 'મહાભારત',
પાંચ પાંડવો..
(જાહેરાત ચર્ચામાં)

પડી તેલમાં,
ઘનસંચય ફંડે -
પ્રજાની માખી..
(મોંઘારતમાં પિલાય પ્રજા)

ચિંતન

વિપદિ ધૈર્યમ્ અથ અભ્યુદયે ક્ષમા ॥

'વિપત્તિ દુઃખમાં હિંમત-ધીરજ ધરવી જોઇએ, ધીરજ રાખીને જ દુઃખને વેઠવાં જોઇએ. વિકાસ કે ઉન્નતિ થતાં માણસ ગર્વ-અભિમાનથી ફૂલાઇ કે છકી ન જવું જોઇએ; પણ સંપર્કમાં આવતાં કોઇ પણ જાણ્યા-અજાણ્યા સાથે માનવતાં ભર્યું વર્તન રાખવું જોઇએ. આપણા અપરિચિત કે અણગમતા માણસ તરફ પણ ઉદાર દૃષ્ટિ રાખવી જોઇએ, એટલું જ નહીં વિરોધીઓ કે નુકશાનકર્તાને પણ ક્ષમા આપીને ઔદાર્ય દાખવી મદદ કરવી જોઇએ.

ગુજરાતીમાં જાણીતી કહેવત છે જેવી એક કાવ્ય પંક્તિ છે :-

'સુખ સમયમાં છકી ન જવું દુઃખમાં ન હિંમત હારવી.'

આ પંક્તિ પણ આપણને આ બોધ આપે છે કે સુખ કે દુઃખ કંઇ કાયમ રહેતાં કે ટકતાં નથી એટલે મનથી સમત્વ રાખી ન ભોગવવાં કે સહન કરવાં જોઇએ. સમતા કેળવવાનું કઠિન તો છે પણ આપણા શીલ-સદાચાર માટે એ ખૂબ જ જરૂરી અને મહત્ત્વનું છે.

એવી જ રીતે સંપત્તિ કે સત્તા મળ્યા પછી પણ માણસને અભિમાન આવી જાય છે અને સામાન્ય કે અપરિચિત સાથે તોછડાઇ ભર્યું વર્તન કે વાત કરે છે આવું વર્તન વ્યક્તિના પદને ગરિમા માટે શોભાસ્પદ નથી.

હકીકતમાં માણસ સામાજિક, આર્થિક કે રાજકીય કોઇ પણ ક્ષેત્રમાં ઉન્નતિ થાય ત્યારે નમ્રતા આવવી જોઇએ અને વિવેક ન ચૂકવો જોઇએ.

સુવિચાર

- માણસને સલાહ લેવી કોઇને, કોઇ પાસેથી લેવી ગમતી નથી પણ પૈસા સૌ કોઇ, ગમે તેની પાસેથી સ્વીકારી લે છે સલાહ કરતા પૈસા ચઢિયાતા છે- જોનાથન સ્વિફ્ટ
- પત્રકાર હનુમાન જેવો હોય, મંથરા જેવો નહીં - મોરારીદાસ હરિયાણી
- શરીર ક્ષણભંગુર છે, વૈભવો પણ શાશ્વત નથી અને મૃત્યુ તો નિશ્ચિત છે જ, સાથે માત્ર 'ધર્મ' જ આવશે - મહાવીર સ્વામી
- જે પૈસા ખાતર પરણે છે તે પોતાનું સ્વાતંત્ર્ય વેંચે છે - જ્યોર્જ હર્બર્ટ
- જિંદગી જેટલી લાંબી તેટલાં દુઃખ વધારે - સેમ્યુઅલ જોન્સન
- મુરખાઓને કદાપિ ઉપદેશ આપવો નહીં - ચાણક્ય
- કોઇને પણ ઠપકો આપવો એ મૂર્ખાઇ છે - જોન વાનામેકર

બોધકથા

જાપાન પર અણુબોંબની વર્ષા થઇ, ખાખમાંથી ઉભું થઇ સુનામી, વાવાઝોડા, વગેરેમાં ખતરનાક અણુ રીએક્ટરની મુશ્કેલીમાંથી પણ ઉગરીને આજે પાછું પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે, એનું રહસ્ય એ છે કે તેમની શિસ્ત અને સંસ્કારિતા... ત્યાગ ભાવના અને રાષ્ટ્રપ્રેમ.

ભારતની ટ્રેનોમાં ગીર્દી ખૂબ જ હોય છે. હુલી ને 'સોપારી' આપી જગ્યા મેળવી લઇએ બારીમાંથી થેલો નાખી 'સીટ રિઝર્વેશન' કરી લઇએ... એક-બે સીટ વધારે રોકી 'બ્લેકમેલ' કરીએ.. પ્રવેશ મેળવવા જ ઘમા ચક્કડી થાય એનું તો વર્ણન જ અશક્ય છે.

જાપાનની લોકલ ટ્રેનમાં પણ ગીર્દી તો હોય છે જ પણ ટ્રેન આપવાનાં સમય પહેલાં ડબ્બાનાં નિયત સ્થાન પાસે 'પ્રવેશ' માટે પણ 'ક્યૂ' હોય છે. બધા ઉતરનારા ઉતરી જાય પછી જ શિસ્તબધ્ધ પ્રવાસી ચઢે છે.

ગુજરાતી પ્રવાસી મોહનભાઇ પરીખ એ લોકલ ટ્રેનમાં હતા. તેમની બાજુની સીટ ખાલી હતી. પ્રવાસીઓ લોકલની વસ્યેની ઉભવાની જગ્યામાં હેન્ડલ પકડી ઉભાં હતાં પણ એ ખાલી સીટ પર કોઇ બેસતું ન હતું. મેં મારા પરિચિત એક જાપાનીને પૂછ્યું આ બેઠક ખાલી છે છતાં કોઇ બેસતું કેમ નથી?

પેલા જાપાનીશ સદ્‌ગૃહસ્થએ કહ્યું, બેસવું તો બધાને છે પણ કોઇ મોટી વય, કોઇ સ્ત્રી સન્માન વગેરેનો વિચાર કરી 'ત્યાગ ભાવના' ને કારણે કોઇ બેસતું નથી. બધા બીજાને સવલત મળે એનો જ વિચાર કરે છે.. આવી ભાવના માત્ર 'ટ્રેન' માં જ નહીં જાપાનના જીવન વ્યવહારમાં પણ છે - એટલે જ તો આ દેશ ઝડપથી ઊંચો આવી જાય છે.

માર્ક્સ, મમતા, ઇતિહાસ, ચીની જિનતાઓ અને બજરંગ બલિ!

કદ પ્રમાણે વેતરતો ઇતિહાસ

પશ્ચિમ બંગાળમાં 'ભારાડી મહિલા મુખ્યમંત્રી' મમતા બેનરજીએ શાળામાં ભણાવાતાં પાઠ્યપુસ્તકોમાં એકલા માર્ક્સ કે માઓનાં ગુણગાન હતાં તેનો છેદ ઉડાડી દીધો છે.

આવું સાહસ આમ તો વીરલ છે. પણ તે દાદ માગી લે તેવું યે છે. સામ્યવાદીઓ અને જેમની નજર માર્ક્સ, એન્જલ્સના પોપટ પાઠથી આગળ જતી નથી એવા થોડાક બુધ્ધિજીવીઓએ કાગારોળ કરી દીધી - તેને માટે અંગ્રેજી છાપાંઓ અને અંગ્રેજી ચેનલો તો તૈયાર જ છે! - કે, અરે... અરે... આ મમતા બેનરજી તો ઇતિહાસ પર ફૂચડો ફેરવવા લાગી છે! આવું કહેવામાં - ભૂતકામાં તેમની સામે ચૂંટણી હારી ગયેલા - લોકસભાના પૂર્વ અધ્યક્ષ, સોમનાથ ચેટરજીએ ય નાપસંદગી દર્શાવીને, સામેલ થયા છે.

ખરેખર તો આ ઉહાપોહમાં જરીકે ય દમ નથી. અત્યાર સુધી બંગાળના વિદ્યાર્થીઓને માત્ર અને માત્ર માર્ક્સ જ ભણાવવામાં આવતા અને મગજમાં ઠસાવવામાં આવતું કે દુનિયાના બદલાવનો ઇલાજ મહાનાયક માર્ક્સ સિવાય બીજા કોઇને પીસે નથી!

આ અતિરેક પર હવે લગામ આવી છે. એ સાચું જ કહેવાય કે માર્ક્સ-એન્જલ્સને કંઇ ગાંધી-મંડેલાના ભોગે ના ભણાવાય! એટલે ઇતિહાસમાં સંતુલન કરાયું. બાંગ્લાદેશ સહિતના પાઠ સમાયાવા, ભારતની આઝાદી અને તે પછીની ઘટનાઓ ઉમેરાઇ.

આમાં ખોટું શું કર્યું?

ખરેખરે તો રશિયન સામ્યવાદી ક્રાંતિ મોટી ભ્રાંતિ પૂરવાર થવાની ઘોષણા રશિયન સામ્યવાદી પ્રમુખ મિખાઇલ ગૉર્બાચોફે વર્ષો પહેલાં કરી હતી. માઓ-ત્સે-તુંગનું યે તેવું છે : 'સામ્યવાદ' તો ખાલી મહોરું છે, મિલોવાન જિલાસે જે યુગોસ્લાવિયામાં ક્યારેક કટ્ટર સામ્યવાદી હતો તેણે કહેલું કે અમે સામ્યવાદીઓ સત્તા પર આવ્યા પછી જુલ્મી અને અય્યાશી 'ન્યૂ કલાસ' જ પેદા કર્યો છે.

ચીનના સર્વસત્તાધીશ હૂ જિનતાઓ હમણાં ભારતમાં હતા. તેના વિશેના બે નાનકડા પણ, ભારે મહત્ત્વના સમાચાર તમે વાંચ્યા?

એક અહેવાલ એવો કે, ચીનનું ભારત ખાતેનું દૂતાવાસ ભારે નારાજ હતું. હૂ જિનતાઓને શાનદાર મૌર્યા હૉટેલમાં (મફતમાં સ્તો!) નિવાસ આપ્યો, ખાણીપીણીની દમદાર વ્યવસ્થા કરી, સિક્યુરીટી અને સગવડો માટેનો સ્ટાફ પૂરો પાડ્યો, આવનજાવન માટે કારનો કાફલો ખડકી દીધો તોયે ચીની દૂતાવાસને લાગ્યું કે અમારી ઓછી સગવડો જાળવવામાં આવી હતી. હજુ વધુ વૈભવી જગાઓ પર ઉતારો જરૂરી હતો! ચીની વડાની સાથે એક મોટું પ્રતિનિધિમંડળ પણ આવ્યું.

...તેને ય ભવ્ય હૉટેલોમાં સગવડ અપાઇ હતી.

એક જ વિધાનમાં આ બાબતની પોલ ખુલી પડી જાય છે - આ બધા 'સામ્યવાદી' ઓ છે!!

સામ્યવાદના સર્જક કાર્લ માર્ક્સે જે સપનું જોયું હતું એ તો મજદૂરોના હાથમાં સત્તા અને સંપત્તિની સમાન વહેંચણીનું હતું : અને તેને માટે 'સામ્યવાદી' કેવો હોવો જોઇએ? બેશક, સા-વ સાદો સીધો, બિન ખર્ચાળ. થોડીક જરૂરિયાતોની ચલાવી લેનારો.

ગુજરાતમાં સૌને આપણે પુરાણા સામ્યવાદીઓની છબિ નજરે ચઢશે. ખાવાના પણ ફાંફાં હોય તેવા સાદાસીધા કાર્યકરો તેઓ હતા; હજામત કરાવવાના યે પૈસા ના હોય, મેલા ઘેલાં કપડાં અને ફાટેલી ચંપલ. હા, હાથ બરાબર મુઠ્ઠી વાળીને ક્યકચાવીને જુસ્સાભેર ઉગામવામાં ક્યાંક ઉણપ નહીં અને બોલે એટલે આગના ભડકા - શોષિતો, દલિતો, વંચિતો, ભૂખ્યાંઓ, ગરીબોની તરફેણ અને મુડીવાદની સામે પ્રકોપ!!

ખરેખરો સામ્યવાદી તો આવો હોવો જોઇએ. ચીન સામ્યવાદી દેશ છે અને તેઓ આ પ્રમુખ હૂ જિનતાઓ તો પાકો વૈભવી છે! આને સામ્યવાદી કહેવાય?

સીધી સાદી વાત છે. જયારે તમારી પાસે કશું જ ના હોય ત્યારે તમે સગવડતા વિનાની જિંદગી માણો છો, પણ જેવી સત્તા હાથમાં આવે કે સુખ સિવાય ચૈન નથી પડતું, પછી તે સામ્યવાદી હોય કે ગાંધીવાદી, કે... હા, અપવાદો શોધવા પડે!

ચલો, રાષ્ટ્રપતિ બનીએ...!

સમાચાર થોડાક પહેલાનાં છે પણ હજુ દિમાગ પરથી તેનો સવાલ છૂટતો નથી. થોડાક લાખ તો જાણે સમજ્યા, પણ ૨૦૫ કરોડનો ખર્ચ?

રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટિલની 'પ્રતિભા' આટલા ખર્ચથી ઝળકી ઊઠી તેને દેશના શાસનની ફૂર મશ્કરી ન ગણવી જોઇએ?

ગાંધીજીએ તો કહ્યું હતું કે મારા દેશનો રાષ્ટ્રપતિ (મોટા ભાગે હરિજન હોય) નાનકડાં મકાનમાં સાદાઇથી રહે તો તે ભારતના સામાન્ય જનનું પ્રતિનિધિત્વ કરે છે એમ માની શકાય.

તમે રાષ્ટ્રપતિ ભવન જોયું છે? તેમના મુલાકાતી સ્થાન સુધી પહોંચતા લાં...બા, અનેક પ્રકારના ખંડ પાસેથી પસાર થઇને જવું પડે છે. ન જાણે, આ ભવનની રોજની દેખભાળ રાખવા માટે જ કેટલા નોકર-ચાકર, સ્ટાફ અને સિક્યુરીટીનો જમેલો હશે. બ્રિટિશ વાઇસરૉય તો ભારતીય પ્રજાના શોષણ કરનારા સામ્રાજયનું પ્રતિક હતો, એટલે તે આ રાષ્ટ્રપતિ ભવનમાં રહેતો... આ તો આપણા પોતાના પ્રતિનિધિ રાષ્ટ્રપતિ! તેમણે સાદગીનો કોઇ રસ્તો બતાવ્યો હોય તો... કેવું સારું થાત!

પણ વર્તમાન રાષ્ટ્ર પ્રમુખજી તો જુલાઇ, ૨૦૦૭ માં હોદ્દો ધારણ કર્યા પછી ૨૨ દેશોની વિદેશયાત્રા કરી તેમાં ૨૦૫ કરોડ ખર્ચાયાનો અહેવાલ આવ્યો છે. હજી દક્ષિણ આફ્રિકા તો ટાઇમ ટેબલમાં છે જ. આમાં તેમનાં કુટુંબીજનો યે સામેલ થાય છે. ચાર્ટર્ડ ઍરક્રાફ્ટમાં પ્રતિભાજી ગયા અને આવ્યાં અને તેનો કુલ ખર્ચ ૧૬૯ કરોડનો હતો. વિદેશખાતાંએ તેમના નિવાસ, રોજનું ભાડું-ભથ્થું અને બીજા ખર્ચ માટે ૩૬ કરોડ ફાળવ્યા.

કયા ગયા હતાં રાષ્ટ્રપતિ? બ્રાઝિલ, મેક્સિકો, ચિલી, ભૂતાન, વિયેતનામ, ઇન્ડોનેશિયા, સ્પૅન, પૉલેન્ડ, રશિયા, તાજિકિસ્તાન, સાયપ્રસ, ચીન, લાઓસ, કંબોડીયા, અરબ અમીરાત, સિરિયા, મૉરેશિયસ, દક્ષિણ કોરિયા, સ્વિત્ઝર્લેન્ડ, ઑસ્ટ્રિયા...

કુલ ૭૯ દિવસોમાં થયેલી આ મુસાફરી રાબેતા મુજબની હતી. તેઓ ત્યાં ગયા, સરકારે સ્વાગત કર્યું. ક્યાંક ભાષણો આપ્યાં, હાથ મેળવ્યા, પરસ્પર વખાણ કર્યાં, બે દેશોની સાંસ્કૃતિક મૈત્રીનો નિર્દેશ કર્યો, જોવાલાયક સ્થળોએ ગયા, ફોટા પડાવ્યા... ને પાછા વળ્યાં! આટલા દેશોમાં ક્યાંક ભારતને તે દેશ સાથેની કોઇ સમસ્યાનું નિવારણ થયું હોય કે બીજો ફાયદો થયો હોય તેવું જાણમાં નથી!

સાલ્લું, રાષ્ટ્રપતિ બનવા જેવું ખરૂં, હો! પાંચ વર્ષમાં તો દુનિયાની સફર થઇ જાય... હવે તો આપણાં બંધારણીય હોદ્દા કે પ્રતિનિધિ બનવા માટે કોઇ ખાસ લાયકાતની તો જરૂર નથી રહી. ન લોકસભામાં, ન રાજસભામાં, ન ઇધર કે ઉધર... તો પછી તમે વિચારો ને -'હોઉં તો હોઉં, જો...'

જય બજરંગ બલિ!

એ સવાલ આધુનિક એકવીસમી સદીમાં દરેકનાં દિમાગમાં જગ્યા રોકતો થયો છે કે આપણા - બધા ધર્મોના કે સંપ્રદાયો ના - દેવી-દેવતા, અવતારો, પયંગબરોમાં આસ્થઆ કે અંધશ્રધ્ધા કેટલી સીમા સુધી જરૂરી છે? દર્દ કા હદ સે ગુજરના, હૈ દવા હો જાના! તાર્કિક માણસ આવું કહી શકે પણ તેની સમાંતરે આપણી આસપાસ નજર કરો : હનુમાન જયંતિ ધામધૂમથી ઉજવાય છે. મહાવીર સ્વામીની કલ્યાણક યાત્રા નીકળે છે. નાના મોટા દેવી-દેવતાના પ્રસંગો ઉત્સાહપૂર્વક ઉજવાય છે. રામનવમી કે જન્માષ્ટમી, ઝૂલેલાલ કે ગૂડ ફ્રાઇડે, ઇદ અને દશેરા... એમ લાગે કે અ-પાર ભીડની આસ્થામાં ક્યાંક ફરક પડ્યો નથી, તેમાં વધારો જ થતો જાય છે.

આવું શા માટે? શું માણસને ખરેખર તેમાંથી શક્તિ, ધીરજ કે ઉપલબ્ધિ મળે છે? તેનાં દુઃખદર્દો મટે છે? તે સાંસારિકથી આધ્યાત્મિક બનવામાં નિમિત્ત બને છે?

હમણાં બજરંગ બલિની જયંતિ હતી. દુનિયામાં આવું કોઇ બીજું પૌરાણિક પાત્ર નથી! વીર કે મહાવીર - જે ના આપો તે, હનુમાન હજારો વર્ષોથી આપણી વચ્ચે રહ્યાં છે, કોઇ તેમને ખસેડી શક્યા નથી, ખસેડી શકવાના નથી.

કારણ શું? બ્રિટિશ સંશોધક આવ્યો હતો તેણે મૂંઝવણ કહી કે હનુમાનનું તો મોં બંદર જેવું છે, પૂંછડી ધરાવે છે ને આકાશમાં ઊડે છે. આવા કોઇ ભગવાન કે દેવતા હોઇ શકે તે ભારતમાં જ બની શકે. આ સંશોધક ઊંડો ઊતર્યો હોય તો તેને ખ્યાલ આવ્યો હોત કે હિન્દુ સમાજમાં - કુદરતમાં તમામ સ્વરૂપોનું સન્માન કરવામાં આવ્યું છે. અહીં ગીંધ, ઉંદર, ગરૂડ, કાક પણ ઇશ્વરીય સાધના કરે છે. કાકભુષુંડી અને અષ્ટાવક્રની વાત અદ્‌ભૂત છે. અહીં ઝાડ, ઝરણાં, નદી, પર્વત, છોડ બધાંને માન અપાયું છે; તેમાં જ ક્યાંક દેવીદેવતાઓનો વાસ-નિવાસ છે.

એટલે અંજનીપુત્ર હનુમાન બધાંને પોતાના લાગે છે. તે મૂર્છિત લક્ષ્મણને સાજો કરવા ઔષધીનો આખેઆખો પહાડ ઊંચકી લાવે છે, તે વાનર સમૂહની સંગાથે રાસસેતુ બાંધે છે. તે સીતાને છોડાવવા અશોકવન પહોંચે છે, તે ભૂખ લાગી એટલે એક વૃક્ષથી બીજા વૃક્ષે દોડમદોડ કરે છે. તેને રાવણ બંદી બનાવી શકતો નથી અને તેનાં પૂંછડાથી આખા વનને ભસ્મીભૂત કરી શકે છે... આ કેવું અદ્‌ભૂત પાત્ર છે? તે શક્તિમાં સચરાચર છે તો ભક્તિમાં યે 'સુપર' છે... તેની છાતીની ભીતર રામસીતા વસેલા છે.

હિંદુ બાળકોને બાળપણમાં સૌથી વધુ ઊંડી અસર હનુમાનની જ પડે છે ને? 'હનુમાન ચાલીસા' વિના ભાગ્યે જ કોઇ મંદિર રહ્યું હશે. ૧૯૭૫-૭૬ ની કટોકટી વખતે જેલોમાં અનિશ્ચિત મુદત સુધીની અટકાયત ભોગવનારા રોજ સવારે-સાંજે હનુમાન ચાલીસાનો પાઠ કરતા અને તેમાં બંદી મુક્ત કરવાની કડી આવે ત્યારે જોશ આવી જતું!

જય હો, બજરંગ બલિ!!

પાટનગરના આકર્ષણનું કેન્દ્ર : પુનિતવન

આપણા જિલ્લાના પ્રવાસધામો

- ભાનુપ્રસાદ એસ. દવે

૧૨ રાશિના આરાધ્યવૃક્ષો - ૨૭ નક્ષત્રોના આરાધ્યવૃક્ષો અને છ ગ્રહો, ૩૧૬ બિલીના વૃક્ષો, પ્રાચીન શાસ્ત્રો આધારિત વૃક્ષ મહિમાની જાણકારી આપે છે.

પૌરાણિક કાળમાં આપણાં પૂર્વજો વૃક્ષો - વેલીઓનાં સાંનિધ્યમાં રહેતા. વૃક્ષોની માનવ જીવન પર સીધી અસર છે તેવા ઉલ્લેખ પ્રાચીન ગ્રંથો - ચિકિત્સાશાસ્ત્રોમાં છે. તો આયુર્વેદિક, હોમીયોપેથિક, બાયોકેમિકલ દવાઓમાં વૃક્ષો-વનસ્પતિના ફળ-ફૂલ, પાન-છાલ, મૂળનો ઉપયોગ સર્વવિદિત છે.

પાટનગર ગાંધીનગરમાં છ હેકટર જેટલી જમીનમાં પુનિતવનનું નિર્માણ થયું છે. ઋષિ મુનિઓએ સમજાવેલ વૃક્ષોની મહત્તા તથા પ્રાચીન શાસ્ત્રો આધારીત વૃક્ષોના મહિમાની સમજ આપતી નવી પ્રણાલી અપનાવીને અહીં વાવેલા વૃક્ષોનાં વાવેતરવાળા વિસ્તારને પુનિતવન નામાભિધાન કરવામાં આવ્યું. લોકોમાં રહેલી વૃક્ષ વાવેતરની ભાવના અને ચેતનાને સાથે જોડવાનો નવતર પ્રયોગ સફળ થયો.

જયોતિશાસ્ત્ર આધારતિ આસ્થા અને શ્રધ્ધા સાથે વૃક્ષોને જોડીને વૃક્ષોના રક્ષણ, સંવર્ધનમાં લોકભાગીદારી વધારવાના શુભ આશયથી 'પુનિતવન' નું નિર્માણ થયું.

૧૨ રાશિ, ૨૭ નક્ષત્રો, અને નવગ્રહના આરાધ્ય વૃક્ષો, તથા ૩૧૬૧ બિલીનાં વૃક્ષો દ્વારા શિવલિંગ બનાવવામાં આવ્યું છે. આંતરિક રસ્તાઓનો વિકાસ, ફુવારા, ઓપન એમ્ફી થિયેટર, કુટિર, પીવાના પાણીની સુવિધા, વિસ્તારની સુંદરતામાં અભિવૃધ્ધિ કરતાં બગીચા, પ્રવાસીઓને ઉનાળાનાં બળબળતા તાપમાં શીતલતા અર્પે છે.

દરેક વ્યક્તિ પોતાના આરાધ્ય વૃક્ષોના ઉછેર અને જાળવણી કરે, વૃક્ષ પ્રત્યે આત્મીયતા - પોતાપણાની ભાવના પેદા થાય તેવો પ્રયાસ અહીં. સફળ રહ્યો છે. પુનિવનત ગાંધીનગર જોવા આવનારા માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે.

મો. ૩૮૯૩૦૫૩૪૩૯

કીટકોની પાંખોની ભાત, રચના, રંગો, ઉપયોગીતામાં ખુબ જ મોટું વૈવિધ્ય જોવા મળે છે અને તેના આધારે તેમનું વર્ગીકરણ પણ થયેલું જોઇ શકાય છે

કીટકોની પાંખો

વિશ્વમાં સહુથી વધુ જાતિ અને સંખ્યા વૈવિધ્ય ધરાવતાં જીવોમાં જેમનું પ્રભુત્વ છે. તેવા 'કીટકો' એ વિશ્વમાં ઉડી શકતાં જીવોમાં સહુ પ્રથમ સ્થાન ધરાવે છે. પાણીમાં જે તે સમયે રહેતાં જીવો જયારે જમીન પર ખોરાક તથા આશ્રયના હેતુઓ માટે આવવા લાગ્યા ત્યારે ઘણા મોટા વિસ્તારમાં ફરવું તેમના માટે શરીરના કદના કારણે સંભવ ન હતું. તેના પરિણામ સ્વરૂપે ઉત્ક્રાંતિના ઇતિહાસનું એક મહત્ત્વનું સોપાન ઉમેરાયું 'ઉડતાં જીવોનું' કરોડરજ્જુ વગરના અપુષ્ઠવંશી પ્રાણીઓમાં ફક્ત કીટકો જ ઉડી શકે છે. તે આપણે સારી રીતે જાણીએ છીએ.

કીટકોના શરીરને ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યાં છે. શીર્ષ એટલે કે માથુ, ઉરસ એટલે કે માથા અને પેટ વચ્ચેનો ભાગ અને ઉદર. ઉરસ માત્ર ત્રણ ખંડોનો બનેલો હોય છે તેના પ્રત્યેક ખંડ/ભાગમાં બે પગ આવેલા હોય છે તે પ્રમાણે કીટકો છ પગ દરાવતાં 'ષટ્‌પાદ' વર્ગના બને છે. કીટકોનો ઉદ્‌ભવ થયો ત્યારે તેમાંથી બે કે ચાર પાંખોવાળા કીટકો ઉદ્‌ભવ્યા. કીટકોની આ પાંખો ઉરસ ભાગના બીજા અને ત્રીજા ખંડની ઉપરનાં ભાગે જોડાયેલી હોય છે. આપણાં માથામાં થતી 'જ' પણ કીટક છે. તેને પાંખો હોતી નથી કારણ કે, તેને માથાના વાળમાં જ શરીર પર વસવાટ કરવાનો હોય છે, તેથી ઉડવાની ખાસ જરૂર પડતી નથી. આપણાં જાણીતા કીટકોમાં માખી અને મચ્છરોમાં બે-બે પાંખો હોય છે. જયારે વાણિયા અને તમરાંમાં બે જોડ એટલે કે ચાર-ચાર પાંખો હોય છે.

પપુઆ ન્યુગિની વિસ્તારમાં જોવા મળતા 'ક્વિન એલેકઝાન્ડર' બર્ડવીંગ બટરફ્લાય (પતંગિયા)' ની માતા વિશ્વમાં સહુથી મોટામાં મોટી પાંખો ધરાવે છે. એક ફૂટ પાંખો ૨૮ સેન્ટીમીટર એટલે કે એક ફૂટ જેવડી મોટી જોવા મળે છે અને આથી જ તેમને 'બર્ડવીંગ' પક્ષી જેવી/જેટલી પાંખોવાળા તેવું નામ પણ અપાયું છે. તેની સામે પરજીવી ભમરી કે જેનું નામ બેટલડૉર વીંગ ફેઇરી ફ્લાયસ્ છે તેની પાંખોની પહોળાઇ ફક્ત ૦.૨૧ મીલીમીટર છે.

કીટકોની પાંખોની ભાત, રચના, રંગો, ઉપયોગીતામાં ખુબ જ મોટું વૈવિધ્ય જોવા મળે છે અને તેના આધારે તેમનું વર્ગીકરણ પણ થયેલું જોઇ શકાય છે. કીટકોનાં વર્ગીકરણમાં શ્રેણીઓનાં નામમાં પાછળ પ્ટેરા (ptera) શબ્દ જોડાય છે. પ્ટેરાનો અર્થ વીંગ એટલે કે પાંખો થાય છે.

તીડ, તીતીઘોડો અને કંસારી જેવા કીટકો 'ઓર્થોપ્ટેરા' શ્રેણીના સભ્યો છે. જેમાં 'ઓર્થો'નો અર્થ સીધું એવો થાય છે. આ કીટકો સીધી પાંખોવાળા હોય છે. તે તમે લોકોએ જોયું હશે. ઇયર વીંગ કીટરો ડર્મોપ્ટેરો શ્રેણીમાં સમાવેશ થયેલો છે. જેનો અર્થ થાય છે ચામડી જેવી પાંખોવાળા. જયારે આપણે સહું જેનાથી ખુબ જ પરેશાન કે ચિંતિત રહીએ છીએ તેવી ઉધઇ 'આઇસોપ્ટેરા' સમાન પાંખોવાળા કીટકોમાં મુકવામાં આવી છે. કેટલાક કીટકોમાં શરીર પર કાયમનાં માટે પાંખો હોય તેવું જોવા મળતું નથી. પણ પુખ્યતા, આવશ્યકતા અને હવામાનની બદલાતી સ્થિતિના આધારે પાંખો પાછળથી આવી જતી હોય છે. ઉંધઇને ચોમાસામાં પાંખો આવેલી જોઇ શકાય છે. વરસાદ પડવાથી પાણી જમીનમાં ઉતરવા લાગે ત્યારે તેના ભયથી બચવા તથા પોતાની જાતિની વૃધ્ધિ અર્થે કેટલીક નર-માદા પોતાના મૂળ રાફડાને છોડીને ઉડીને નવી જગ્યાએ જાય છે. આ સમયે તેમને પાંખોની જરૂર ઊભી થાય છે. આ સમયે તેમને પાંખોની જરૂર ઊભી થાય છે, જે કુદરતી રીતે જ ઊગી નીકળે છે. આપણી આસપાસ જોવા મળતી કીડીઓ અને મંકોડાઓને પણ ચોમાસાની ઋતુમાં પાંખો આવે છે અને આવા કીટકો સામાન્ય સંજોગોમાં ચાલીને જે અંતર પસાર ન કરી શકે તે ઉડીને કાપે છે અને બધે ફેલાઇ જાય છે.

માંકડ અને સીકાડા જેવા કીટકો 'હેમીપ્ટેરા' શ્રેણીમાં સામેલ છે તેમની પાંખો અડધી ચામડી જેવી અને અડધી જાળીદાર રચના ધરાવતી હોઇ 'અડધી પાંખોવાળા' તેનું નામ પામેલ છે.

ઢાળિયા અને ધનેડા જેવા કીટકો કોએલીઓપ્ટેરા શ્રેણીમાં સમાવેશ પામ્યા છે. તેનો અર્થ 'સખત કે બખ્તર જેવી પાંખોવાળા' તેવો થાય છે. ઢાળિયા કીટકોમાં વધુમાં વધુ જાતિઓની સંખ્યા ધરાવે છે. તે રીતે પૃથ્વી પરના જીવોમાં ઢાળિયા (બીટલ્સ) કીટકોની શ્રેણી વધુમાં વધુ જાતિના સભ્યો ધરાવતાં જીવોનું ગૌરવવંતુ સ્થાન ધરાવે છે. ઢાળિયાઓની પાંખોમાં બીજું પણ એક લક્ષણ જોવા મળે છે કે તેમાં જુદાં જુદાં જાતિઓનાં કીટકોની પાંખો ભાત અને રંગોનું અનુપમ મિશ્રણ અને વૈવિધ્ય ધરાવે છે.

મધમાખીઓ, ભમરી અને કીડીઓ 'હાયમેનોપ્ટેરો' શ્રેણીના સભ્યો છે. તેમની પાંખો જાળીદાર હોય છે. જાણે કે, ચેતાતંત્રનું જાળું ન હોય. આ જાળું પારદર્શક પણ હોય છે.

અંતે પાંખોનું સૌંદર્ય કુદરતે જેને ભરપુર પ્રમાણમાં આપ્યું છે અને તેમની ઓળખ અને તેમની ઓળખ અને લોકપ્રિયતા માટેનું કારણ બન્યું છે. તેવા કીટકો પતંગિયાઓને કેવી રીતે ભૂલી જવાય. 'લેપીડોપ્ટેરો' શ્રેણીના એવા પતંગિયાઓની જાતિઓ ૫,૨૦,૦૦૦ થી પણ વધુ છે. લેપીડોનો અર્થ થાય છે. 'ભીંગડા' અને ભીંગડાથી આચ્છાદિત પાંખોવાળા ભીંગડાવાળા પતંગિયાઓ તેના કારણે રંગોનું વૈવિધ્ય ધરાવે છે. પાંખો પરથી પરાવર્તિત થતાં રંગીન પ્રકાશનાં કિરણો તેમને સૌંદર્ય બક્ષે છે. પાંખોવાળા કીટકો વિશે વધુમાં ફરી ક્યારેક.

- hmtsuthar@gmail.com

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૮મી એપ્રિલ

વિશ્વ વિખ્યાત ચિત્રકાર પાબ્લો પિકાસોની પુણ્યતિથિ



વિશ્વ વિખ્યાત ચિત્રકાર પાબ્લો પિકાસોની પુણ્યતિથિ. અ મહાન ચિત્રકારે ગરીબીની વેદનાને પ્રતિબિંબિત કરતાં અને નર્તક, સર્કસમાંના કલકારોના ચિત્રો દ્વારા ભરપૂર પ્રતિસાદ મેળવ્યો.

૧૩ થી ૧૪ હજાર ચિત્રો, એકાદ લાખ સ્કેચિંગ, ૩૪ હજાર ગ્રંથ ચિત્રો, ૩૦૦ જેટલા શિલ્પો વિગેરેનું વિશાળ સર્જન કર્યું. ત્રણ-ત્રણ પેઢી સુધી સમગ્ર વિશ્વના કલાકારોને પ્રેરણા આપનાર આ ચિત્રકારનું અવસાન ૮-૪-૧૯૭૩માં થયું.

- સત્તાવનના સ્વતંત્ર્ય સંગ્રામના પહેલાં શહીદ વીર મંગળ પાંડેને બરાકપુર ખાતે ૧૮૫૭ ની ૮મી એપ્રિલે ફાંસી અપાઇ.
- જાણીતા સાહિત્યકાર-કટાર લેખક યશવંત શુક્લનો જન્મ ૧૯૧૫, ૧૯૮૪ની ૮મી એપ્રિલે બંકીમચંદ્ર ચેટરજીનું અવસાન.
- ખેડા જિલ્લાના બોરસદ મહાત્મા ગાંધીએ ૪૦૦૦ ખેડૂતોની સભાને સંબોધન કર્યું.